# ગુજરાત સરકારની દૂધ સંજીવની યોજનાનો મુખ્ય ઉદ્દેશ શો છે?

**1. રિચર સ્કેલનો ઉપયોગ શા માટે થાય છે?**
(૧) જમીન માપણી (૨) ધ્વનિનો વેગ માપવા
(૩) ભૂકંપની તીવ્રતા (૪) પ્રકાશની તીવ્રતા માપવા

**2. નીચે પૈકીના આ મહિલા એક 'સ્પ્રિન્ટર' (દોડવીર) છે.**
(૧) પી. વી. સિંધુ (૨) દૂતી ચંદ
(૩) હિમા દાસ (૪) દિપીકા કુમારી

**3. "વર્લ્ડ કાઇન્ડનેસ ડે" ક્યા દિવસે ઉજવાય છે?**
(૧) નવેમ્બર ૧૫ (૨) નવેમ્બર ૧૪
(૩) નવેમ્બર ૧૩ (૪) નવેમ્બર ૧૨

**4. "The Daughter from a Wishing Tree: Unusual Tales about Women in Mythology" પુસ્તકના લેખક કોણ છે?**
(૧) સુધા ચંદ્રન (૨) સુધા મૂર્તિ
(૩) વસુધા વેણુગોપાલ (૪) કિરણ બેદી

**5. Dysphagia એટલે શું?**
(૧) ભૂખ ન લાગવી (૨) ખૂબ તરસ લાગવી
(૩) ઊંઘ ન આવવી (૪) કશુંપણ ગળવામાં તકલીફ થવી

**6. વિટામિન H ને વધુ સામાન્ય રીતે .............. તરીકે ઓળખવામાં આવે છે.**
(૧) ટીન (૨) બાયોટિન
(૩) પ્રોટીન (૪) આ પૈકીનું કોઇ નહીં

**7. ગુજરાતમાં માતા અને બાળકની સુરક્ષા માટેનું કાર્ડ ................. નામે ઓળખાય છે.**
(૧) મા કાર્ડ (૨) જનની કાર્ડ
(૩) મમતા કાર્ડ (૪) કરુણા અભિયાન

**8. દૂધમાં રહેલા મુખ્ય પ્રોટીનનું નામ શું છે?**
(૧) ઝેઈન (૨) કેસિન (૩) લ્યુકોસિન (૪) ગ્લાયડિન

**9. સ્ટાર્ચને પાણીમાં ગરમ કરવામાં આવે તો કઈ પ્રક્રિયા થાય છે?**
(૧) જિલેટિનાઈઝેશન (૨) ગ્લૂટન ફોર્મેશન
(૩) કૅરેમલાઇઝેશન (૪) એન્ઝાઇમેટિક બ્રાઉનિંગ

**10. મધમાં પાણીનું પ્રમાણ આશરે કેટલું હોય છે?**
(૧) ૧૦.૮ ટકા (૨) ૫૦.૨ ટકા
(૩) ૧૭.૮ ટકા (૪) ૨૫.૪ ટકા

**11. ગુજરાત સરકારની દૂધ સંજીવની યોજનાનો મુખ્ય ઉદ્દેશ શો છે?**
(૧) આદિવાસી વિસ્તારના બાળકોનું પોષણ સ્તર ઊંચું લાવવું
(૨) રાજ્યના તમામ બાળકોનું પોષણ સ્તર વધારવું
(૩) ધાત્રી માતાઓનું પોષણ સ્તર વધારવું
(૪) ગ્રામ્ય વિસ્તારની ગર્ભવતી મહિલાઓમાં પોષણ સ્તર વધારવું

**12. બાળકના જન્મ બાદ સ્તનપાનની શરૂઆત ક્યારે થવી જોઇએ?**
(૧) જન્મના ૧ કલાકની અંદર (૨) જન્મના ૨૪ કલાકની અંદર (૩) જન્મના ૧ દિવસ બાદ (૨) કોલ્સ્ટ્રોમ વહી ગયા બાદ

**13. સામાન્ય રીતે દૂધમાં ................ની ભેળસેળ જોવા મળતી નથી.**
(૧) પાણી (૨) ડિટર્જન્ટ (૩) કૃત્રિમ રંગ (૪) સ્ટાર્ચ

**14. નીચે પૈકીનું ક્યું સંદેશાવ્યવહારનું પરંપરાગત માધ્યમ નથી?**
(૧) શેરી નાટક (૨) લોક ગીત
(૩) ભીંત લખાણ (૪) ભવાઈ

**15. ICPSનું પૂર્ણ નામ જણાવો.**
(૧) ઈન્ટિગ્રેટેડ ચાઇલ્ડ પોષણ સ્કીમ
(૨) ઈન્ટિગ્રેટેડ ચાઇલ્ડ પ્રોગ્રેસ સ્કીમ
(૩) ઈન્ટિગ્રેટેડ ચાઇલ્ડ પ્રોટેક્શન સ્કીમ
(૪) ઈન્ડિયન ચાઇલ્ડ પ્રોટેક્શન સ્કીમ

**16. ગાલપચોળિયું શેના લીધે થતી સમસ્યા છે?**
(૧) બેક્ટેરિયા (૨) વાયરસ
(૩) ઝેરી તત્વ (૪) પોષક તત્વની ઉણપ

**17. ગુજરાતના પ્રાચીન ઇતિહાસ માટેનો આધારભૂત ગ્રંથ "પ્રબંધ ચિંતામણિ" કોણે રચ્યો હતો?**
(૧) મેરુતુંગસૂરિ (૨) હેમચંદ્રાચાર્ય
(૩) મહેન્દ્રપ્રભસૂરિ (૪) જિનપદ્મ

**18. ગુજરાતના મુઝફ્ફરીદ વંશના સુલતાન બહાદુર શાહના મૃત્યુ બાદ વર્ષ ૧૫૩૭માં ................ની તાજપોશી થઈ.**
(૧) મહમૂદ શાહ ત્રીજો (૨) મિરાન મુહમ્મદ શાહ પ્રથમ
(૩) હિંદલ મિર્ઝા (૪) મુઝફ્ફરશાહ બીજો

**19. 'કવ્વાલી' નામની ગાન પદ્ધતિના વિકાસમાં .................નો સિંહફાળો છે.**
(૧) અમીર ખુસરો (૨) શર્કી સુલતાના
(૩) માળવાના સુલતાન બાજ બહાદુર (૪) ખોરાસાની

**20. સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ વર્ષ ............. માં થયો હતો.**
(૧) ૩૧ ઓક્ટોબર (૨) ૨૯ ઓક્ટોબર
(૩) ૩૦ ઓક્ટોબર (૪) ૨૮ ઓક્ટોબર

**21. જૂનાગઢના ઉપરકોટની ગુફાઓ ક્યા ધર્મની સ્થાપત્યકળા ધરાવે છે?**
(૧) બૌદ્ધ (૨) જૈન (૩) હિંદુ (૪) મુસ્લિમ

**22. ૨ ઓક્ટોબરે ગુજરાત વિધાનસભામાં ........... ના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પીને શ્રદ્ધાસુમન અર્પિત કરાયા.**
(૧) મહાત્મા ગાંધીજી (૨) સરદાર પટેલ
(૩) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (૪) જવાહરલાલ નહેરૂ

**23. કાશ્મીરના કવિ બિલ્હણે ગુજરાતના રાજા કર્ણદેવ પહેલો - મયણલ્લાદેવીના પ્રણય પર ........... નાટિકાની રચના કરી હતી.**
(૧) મયણલ્લાવિજય (૨) કર્ણસુંદરી
(૩) ત્રૈલોક્યમલ્લ (૪) ગુણસુંદરી

**24. પાટણના સહસ્ત્રલિંગ સરોવર અગાઉ .......... સરોવરના નામે ઓળખાતું.**
(૧) સ્વાતિ (૨) મલાવ (૩) દુર્લભ (૪) અણહિલ

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

**25. પાટણના રાજા કુમારપાળ સોલંકીએ વ્યાકરણ વિષયક .......... ગ્રંથની રચના કરી હતી.**
(૧) ગણદર્પણ (૨) વ્યાકરણ સંહિતા
(૩) પ્રમાણમીમાંસા (૪) તરંગવઈ

**26. સ્વતંત્રતા બાદ રાજ્યોની પુર્નરચના માટે નિમાયેલા "રાજ્ય પુનર્ગઠન આયોગ"ના અધ્યક્ષપદે ................ હતાં.**
(૧) ફઝલ અલી (૨) બાબાસાહેબ આંબેડકર
(૩) સરદાર પટેલ (૪) સીતારમૈયા

**27. ભાવનગરના દિવાન ............ એ ૧૯૨૪માં સાવરકુંડલા મહાલમાં પંચાયતી રાજ્યનો સફળ પ્રયોગ કર્યો અને પછી મુખ્ય રાજ્યભરમાં વહીવટી વ્યવસ્થા સ્થાપવા કાયદો કર્યો.**
(૧) ગૌરીશંકર ઓઝા (૨) પ્રભાશંકર પટ્ટણી
(૩) વિઠ્ઠલદાસ મહેતા (૪) પરમાણંદદાસ મહેતા

**28. નીચે પૈકીના કોણે ઈંગ્લેન્ડમાં યોજાયેલી ત્રણેય ગોળમેજી પરિષદમાં ભાગ લીધો હતો?**
(૧) જવાહરલાલ નહેરૂ (૨) ડૉ. બાબાસાહેબ આંબેડકર
(૩) મહંમદઅલી જિન્નાહ (૪) કોઇ નહીં

**29. સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી ઉછરંગરાય ઢેબર હતાં અને રાજપ્રમુખ પદે ............ હતાં.**
(૧) કૃષ્ણકુમારસિંહજી - ભાવનગર
(૨) ભગવતસિંહજી - ગોંડલ (૩) જામસાહેબ- જામનગર
(૪) નવાબ મહાબતખાન - જૂનાગઢ

**30. 'સ્નેહમુદ્રા'ના સર્જક ............... છે.**
(૧) ગોવર્ધનરામ ત્રિપાઠી (૨) ઉમાશંકર જોષી
(૩) પન્નાલાલ પટેલ (૪) ઇલા આરબ મહેતા

**31. શેણી-વિજાણંદની જાણીતી લોકકથા મુજબ વિજાણંદ ............. સારું વગાડતો હતો.**
(૧) રાવણહથ્થો (૨) વાંસળી (૩) જંતર (૪) સુરંદો

**32. "સંસ્કૃત બોલે તે શું થયું, કાંઇ પ્રાકૃતમાંથી નાસી ગયું" આ ..........ની એક જાણીતી પંક્તિ છે.**
(૧) પ્રેમાનંદ (૨) નરસિંહ મહેતા
(૩) અખો (૪) વલ્લભ મેવાડા

**33. "કુમારસંભવમ્"ની રચના કોણે કરી હતી?**
(૧) બાણભટ્ટ (૨) કાલિદાસ (૩) બિલ્હણ (૪) કબીર

**34. "હૃદયના શુદ્ધ પ્રેમીને નિગમનાં જ્ઞાન ઓછાં છે" - આ પ્રસિદ્ધ નાટ્યગીતના રચયિતા કોણ હતાં?**
(૧) પ્રભુલાલ દ્વિવેદી (૨) અવિનાશ વ્યાસ
(૩) વલ્લભ ભટ્ટ (૪) ઇન્દુલાલ ગાંધી

**35. "તમે મારા દેવના દીધેલ છો, તમે મારા માગી લીધેલ છો." - આ ગુજરાતી લોકગીતનો પ્રકાર ઓળખાવો.**
(૧) લગ્નગીત (૨) બાળગીત (૩) હાલરડું (૪) વ્રતગીત

**36. ગુજરાતના પિરાજી સાગરાનો સંબંધ કઇ કલા સાથે છે?**
(૧) કઠપૂતળીના ખેલ (૨) સંગીત કલા
(૩) ચિત્રકલા (૪) અભિનય

**37. પ્રસિદ્ધ ચિત્ર-વિચિત્રનો મેળો .............. જિલ્લામાં યોજાય છે.**
(૧) અરવલ્લી (૨) મહીસાગર (૩) સાબરકાંઠા (૪) નર્મદા

**38. ધરમપુરના આદિવાસીઓનું લોકનૃત્ય .............. નૃત્ય તરીકે જાણીતું છે.**
(૧) ટિપ્પણી (૨) શિકાર (૩) રૂમાલ (૪) ઘેર

**39. ............... એક પ્રકારનું સુષિર વાદ્ય છે.**
(૧) સારંગી (૨) તારપુ (૩) પખાવજ (૪) ઝાંઝ

**40. "વાદળ વાયુ વીજ વરસંત, કડકે ગાજે ઉપલ પડંત" - આ પંક્તિ કઈ લાક્ષણિકતા સાથે સંકળાયેલી છે?**
(૧) ભડલી વાક્યો (૨) લગ્નગીત
(૩) શૌર્યગીત (૪) મરસિયા ગીત

**41. ભોજા ભગત નામના સંત કવિએ .......... કાવ્ય પ્રકાર લોકપ્રિય કર્યો.**
(૧) છપ્પા (૨) ચાબખા (૩) દોહા (૪) સાખી

**42. લોકપ્રિય સોશિયલ મીડિયા વોટ્સએપની રચના કોણે કરી હતી?**
(૧) બ્રાયન ઍક્ટન, જૅન કોઉમ (૨) માર્ક ઝુકરબર્ગ
(૩) ટીમ કૂક, સ્ટીવ જૉબ્સ
(૪) રૉનાલ્ડ વાયૅન, સ્ટીવ વૉઝનિયક

**43. કમ્પ્યૂટરના સંદર્ભમાં વાયરસ એ શું છે?**
(૧) એક ગોપનીય સર્ચ એન્જિન
(૨) માનવ-સર્જિત એક કમ્પ્યૂટર પ્રોગ્રામ
(૩) માહિતીના સંગ્રહનો એક પ્રકારનું ટૂલ
(૪) આ પૈકીનું કંઈ નહીં

**44. ઇન્ટરનેટના સંદર્ભમાં URL એટલે ........**
(૧) Uniform Resource Locator
(૨) Universal Resource Locator
(૩) Uniform Random Locator
(૪) Uniform Resource Log-in

**45. નીચે પૈકીનું ક્યું એક વેબ બ્રાઉઝર નથી?**
(૧) મોઝિલા ફાયરફોક્સ (૨) ઈન્ટરનેટ ઍક્સપ્લૉરર
(૩) ઑપેરા (૪) TCS

**46. સૌપ્રથમ ઇમેઇલ પ્રોગ્રામની રચના BBNના ...............એ કરી હતી.**
(૧) રૅન્ડ પૉલ બૅરન (૨) રે ટૉમ્લિન્સન
(૩) ડૉ. રૉબર્ટ એમ. મૅટકાફે (૪) વિન્ટન સૅર્ફ

**47. ગુજરાતમાં સાસુની વાવ - વહુની વાવ ક્યાં આવેલી છે?**
(૧) પાટણ જિલ્લો (૨) બનાસકાંઠા જિલ્લો
(૩) મહેસાણા જિલ્લો (૪) મહીસાગર જિલ્લો

**48. ગુજરાતની રૂપેણ નદી ...........માંથી ઉદભવે છે.**
(૧) મહીકાંઠાની ટેકરીઓ (૨) તારંગાની ટેકરીઓ
(૩) ઉદેપુરની ટેકરીઓ (૪) વિંધ્ય પર્વત

**49. રાષ્ટ્રની સૌપ્રથમ નેરોગેજ રેલવે લાઇન .............. લાઇન હતી.**
(૧) ડભોઈ-મિયાગામ (૨) ભાવનગર-ગોંડલ
(૩) બોરીબંદર-થાણે (૪) અમદાવાદ-સુરેન્દ્રનગર

**50. ભારત અને શ્રીલંકા વચ્ચે કેટલું અંતર છે?**
(૧) ૫૪.૫ કિ.મી. (૨) ૫૪.૬ કિ.મી.
(૩) ૫૪.૭ કિ.મી. (૪) ૫૪.૮ કિ.મી.

**જવાબો :**

**(૧) ૧ (૨) ૨ (૩) ૩ (૪) ૨ (૫) ૪ (૬) ૨ (૭) ૩ (૮) ૨ (૯) ૧ (૧૦) ૩ (૧૧) ૧ (૧૨) ૧ (૧૩) ૩ (૧૪) ૩ (૧૫) ૩ (૧૬) ૨ (૧૭) ૧ (૧૮) ૧ (૧૯) ૧ (૨૦) ૧ (૨૧) ૧ (૨૨) ૧ (૨૩) ૨ (૨૪) ૩ (૨૫) ૧ (૨૬) ૧ (૨૭) ૨ (૨૮) ૨ (૨૯) ૩ (૩૦) ૧ (૩૧) ૩ (૩૨) ૩ (૩૩) ૨ (૩૪) ૧ (૩૫) ૩ (૩૬) ૩ (૩૭) ૩ (૩૮) ૨ (૩૯) ૨ (૪૦) ૧ (૪૧) ૨ (૪૨) ૧ (૪૩) ૨ (૪૪) ૧ (૪૫) ૪ (૪૬) ૨ (૪૭) ૪ (૪૮) ૨ (૪૯) ૧ (૫૦) ૪**